Tuesday
25.08.2026
*Volume :11 * Issue No.52
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત — વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

# કમલમ્
KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# રાષ્ટ્રીય રમત દિવસની ઉજવણી માટે ૨૭ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ દેશભરમાં "ખેલો ઈન્ડિયા ડાયલોગ – ખેલ કી બાત, પીએમ મોદી કે સાથ" નું આયોજન કરાશે



## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રમતો, યુવા નેતૃત્વ અને વિકસિત ભારત પર યુવા ઉભરતા રમતવીરોને સંબોધિત કરશે




કમલમ્,
રાષ્ટ્રીય રમત દિવસ ૨૦૨૬ ની ઉજવણી માટે, દેશ ૨૭ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ મોટા પાયે યુવા જોડાણ પહેલ, "ખેલો ઈન્ડિયા ડાયલોગ – ખેલ કી બાત, પ્રધાનમંત્રી મોદી કે સાથ" નો સાક્ષી બનવા માટે સજ્જ છે, જે દેશભરમાં ૧,૫૦૦ થી વધુ સ્થળોએ યુવાનો, રમતવીરો અને શૈક્ષણિક સંસ્થાઓને એકસાથે લાવશે. આ રાષ્ટ્રવ્યાપી પહેલ યુવા ઉભરતા રમતવીરો માટે ભારતના રમતગમત અને યુવા ઈકોસિસ્ટમના ભવિષ્ય પર તેમના વિચારો, સૂચનો અને નવીન વિચારો શેર કરવા માટે એક સીધું પ્લેટફોર્મ બનાવશે. આઈઆઈટી, આઈઆઈએમ, એનઆઈટી (NITs), એઈમ્સ (AIIMS), અગ્રણી મેડિકલ કોલેજો અને યુનિવર્સિટીઓ આ કાર્યક્રમમાં ભાગ લેનારી શૈક્ષણિક સંસ્થાઓમાં સામેલ હશે. આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું વર્ચ્યુઅલ સંબોધન હશે. પ્રધાનમંત્રીના સંબોધન પછી, ભાગ લેનારા સ્થળોએ એકસાથે ભૌતિક કાર્યક્રમો શરૂ થશે. આ કાર્યક્રમ યુવાનોની આકાંક્ષાઓ અને ગ્રાઉન્ડ-લેવલના અનુભવો તેમજ નીતિ નિર્માણ વચ્ચેના સંબંધને મજબૂત કરવાનો પ્રયાસ કરે છે. યુવા સહભાગીઓ ચાર મુખ્ય થીમ પર જોડાશે: રમતગમત ઈકોસિસ્ટમને મજબૂત બનાવવી અને ગ્રાસરૂટ સુવિધાઓ, કોચિંગ અને તકોનો વિસ્તાર કરવો; વૈજ્ઞાનિક ક્ષમતા ઓળખ અને એથલીટ વિકાસ દ્વારા ૨૦૩૬ ઓલિમ્પિક્સ માટે પ્રતિભાને પોષવી; યુવા નેતૃત્વ અને શાસનમાં ભાગીદારી વધારવી; અને યુવાનોને ભવિષ્ય માટે તૈયાર કૌશલ્યો, સ્વયંસેવા અને રાષ્ટ્ર નિર્માણની તકોથી સશક્ત બનાવવું. આ પહેલનું એક મુખ્ય પાસું રમતોમાં રસ ધરાવતા યુવાનો અને અગ્રણી ભારતીય રમતવીરો તેમજ મેડલ વિજેતાઓ વચ્ચે સીધો વાર્તાલાપ હશે. દીપા કરમાકર, સાઈના નેહવાલ, ગગન નારંગ, શ્રીજેશ, મેરી કોમ, બાઈચુંગ ભૂટિયા, ગોપીચંદ, અંજુ બોબી જ્યોર્જ, કર્ણમ મલ્લેશ્વરી, મીરાબાઈ ચાનુ અને પી.ટી. ઉષા સહિતના અગ્રણી રમતવીરો, તેમજ પ્રખ્યાત ક્રિકેટરો યુવાનો સાથે જોડાશે અને તેમની રમતગમતની સફર, પડકારો અને અનુભવો શેર કરશે. ભાગીદારી માત્ર રમતવીરો પૂરતી મર્યાદિત નહીં રહે, સંસદસભ્યો, ધારાસભ્યો, કેન્દ્રીય મંત્રીઓ, રાજ્ય મંત્રીઓ અને રાજ્યના રમતગમત મંત્રીઓ પણ યુવાનો સાથે જોડાશે અને ચાર ઓળખાયેલી થીમ પર તેમના વિચારો અને સૂચનો મેળવશે. આ પહેલમાં વિકસિત ભારત યંગ લીડર્સ ડાયલોગ ક્વિઝ પણ રજૂ કરવામાં આવશે અને યુવા સહભાગીઓને માય ભારત પોર્ટલ (MYBharat Portal) પર નોંધણી કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે, જેનાથી એક દિવસીય કાર્યક્રમ સિવાય પણ સતત યુવા જોડાણ માટેનો માર્ગ બનશે. "ખેલો ઈન્ડિયા ડાયલોગ – ખેલ કી બાત, પ્રધાન મંત્રી મોદી કે સાથ" એ વિચારને મજબૂત કરવાનો પ્રયાસ કરે છે કે ભારતનું રમતગમતનું રૂપાંતર આખરે તેના યુવાનો દ્વારા સંચાલિત થાય છે. એક સામાન્ય મંચ પર યુવા આકાંક્ષાઓ, રમતગમતના અનુભવો અને નીતિગત દ્રષ્ટિકોણને લાવીને, આ પહેલનો હેતુ દેશમાં રમતગમત અને યુવા વિકાસના ભવિષ્યને આકાર આપવામાં યુવાનોને અર્થપૂર્ણ અવાજ આપવાનો છે.

# ચેરમેન દિલીપભાઈ સંઘાણીએ 'સહકારથી સમૃદ્ધિ'ના સંકલ્પ સાથે સંસ્થાની વિકાસયાત્રા ગુજકોમાસોલનું ઐતિહાસિક પ્રદર્શન, રૂ. ૧૧,૪૭૯ કરોડનું ટર્નઓવર

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'સહકારથી સમૃદ્ધિ'ના સંકલ્પને સાકાર કરવાની દિશામાં સહકારી ક્ષેત્ર દ્વારા સતત કામગીરી કરવામાં આવી રહી છે.-ચેરમેન દિલીપભાઈ સંઘાણી



કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણીએ ગુજકોમાસોલની કામગીરીને બિરદાવી














કમલમ્,
ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન લિમિટેડ (ગુજકોમાસોલ)ની ૬૫મી વાર્ષિક સાધારણસભા ગાંધીનગર ખાતે યોજાઈ હતી. સભામાં કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણી, ગુજકોમાસોલ તથા ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, વાઈસ ચેરમેન બિપિનભાઈ પટેલ, જયેશ રાદડિયા સહિત બોર્ડ ઓફ ડિરેક્ટર્સના સભ્યો અને સહકારી ક્ષેત્રના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણીએ ગુજકોમાસોલની કામગીરીને બિરદાવતા જણાવ્યું હતું કે, ખાતર, દવા અને બિયારણ ક્ષેત્રે સંસ્થા ખેડૂતો માટે મહત્વપૂર્ણ કામગીરી કરી રહી છે. સ્પર્ધાના સમયમાં વેલ્યુ એડિશન અને ટેકનોલોજીનો ઉપયોગ જરૂરી છે અને ગુજકોમાસોલ આ દિશામાં આગળ વધી રહ્યું છે. બિયારણ ક્ષેત્રમાં ડુપ્લિકેટ અને ભેળસેળવાળા બિયારણથી નફો કમાવાની પ્રવૃત્તિ સામે સાવચેતી રાખવાની જરૂરિયાત પર ભાર મૂકતા તેમણે જણાવ્યું હતું કે, ખેડૂતોને ગુણવત્તાયુક્ત બિયારણ અને કૃષિ ઈનપુટ્સ મળી રહે તે માટે સહકારી સંસ્થાઓની ભૂમિકા મહત્વપૂર્ણ છે. કૃષિમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, આજે ખેડૂત હોવું ગૌરવની વાત છે. ગુજરાતમાં સિંચાઈની સ્થિતિમાં નોંધપાત્ર સુધારો થયો છે. રાજ્યમાં હાલમાં ૬૨.૭૩ લાખ હેક્ટર વિસ્તારમાં સિંચાઈ થાય છે અને સિંચાઈની ક્ષમતા વધારવા માટે પણ કામગીરી ચાલી રહી છે. પ્રાકૃતિક ખેતી અંગે પણ મહત્વપૂર્ણ વાત કરતા જણાવ્યું કે, પ્રાકૃતિક ખેતી અપનાવવાથી ઉત્પાદન ઘટશે તેવી ચિંતા કરવાની જરૂર નથી. રાજ્યની ચારેય કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા પ્રાકૃતિક ખેતી અંગે સંશોધન કરવામાં આવી રહ્યું છે અને તેના પરિણામોના આધારે ખેડૂતોને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે.

**'સહકારથી સમૃદ્ધિ'ના સંકલ્પ સાથે ગુજકોમાસોલની વિકાસયાત્રા**

આ પ્રસંગે ગુજકોમાસોલના ચેરમેન દિલીપભાઈ સંઘાણીએ સંસ્થાની વિકાસયાત્રા અને આગામી આયોજન અંગે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, જ્યારે તેઓ સંસ્થામાં ચૂંટાઈને આવ્યા ત્યારે ગુજકોમાસોલની ઓફિસ માત્ર ૬૦૦ વાર વિસ્તારમાં હતી. ખેડૂતોની સંસ્થા હોય તો તેનું કાર્યાલય પણ ભવ્ય અને યોગ્ય હોવું જોઈએ તેવી ભાવનાથી ગાંધીનગરમાં ૫ વિઘામાં ગુજકોમાસોલનું ભવ્ય કાર્યાલય વિકસાવવામાં આવ્યું છે. તેમણે જણાવ્યું હતુ કે, આજે આ ભવનની મુલાકાત દેશભરની વિવિધ સહકારી સંસ્થાઓના પ્રતિનિધિઓ લઈ ચૂક્યા છે. ભવનને કોર્પોરેટ લેવલની સુવિધાઓ આપવામાં આવી છે, પરંતુ સંસ્થાની આત્મા સહકારી જાળવી રાખવામાં આવી છે. દિલીપભાઈ સંઘાણીએ જણાવ્યું હતુ કે, ગુજકોમાસોલનું ટર્નઓવર આશરે ૨૦૦ ટકા વધીને રૂ. ૧૧,૪૭૯ કરોડ સુધી પહોંચ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'સહકારથી સમૃદ્ધિ'ના સંકલ્પને સાકાર કરવાની દિશામાં સહકારી ક્ષેત્ર દ્વારા સતત કામગીરી કરવામાં આવી રહી છે. ટેકાના ભાવે ખરીદી અંગે તેમણે જણાવ્યું હતું કે, ગુજકોમાસોલ દ્વારા કરવામાં આવતી ખરીદીનો સીધો લાભ ખેડૂતોને મળે છે. સંસ્થા દ્વારા થતી કામગીરીમાંથી મળતા લાભનો હિસ્સો ખેડૂતો સુધી ડિવિડન્ડના સ્વરૂપે પહોંચાડવામાં આવે છે. આ રીતે સહકારી સંસ્થા ખેડૂતોના આર્થિક વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. મહેસાણા ખાતે એગ્રી લોજિસ્ટિક પાર્ક તૈયાર કરવામાં આવ્યો છે, જેને ટૂંક સમયમાં ખુલ્લો મૂકવામાં આવશે. સાથે જ ગાંધીનગરમાં ગુજકોમાસોલ દ્વારા ઈલેક્ટ્રિક વાહનો માટે ચાર્જિંગ સ્ટેશન પણ શરૂ કરવામાં આવ્યું છે.

**ગુજકોમાસોલનું ઐતિહાસિક નાણાકીય પ્રદર્શન**

સભામાં વર્ષ ૨૦૨૫-૨૬ની સંસ્થાની કામગીરીનો અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો. ગુજકોમાસોલે અત્યાર સુધીના ઈતિહાસમાં સૌથી વધુ રૂ. ૧૧,૪૭૯ કરોડનું ટર્નઓવર નોંધાવ્યું છે. સંસ્થાનો ગ્રોસ પ્રોફિટ રૂ. ૧૫૨.૬૩ કરોડ રહ્યો છે, જ્યારે કરવેરા બાદ આશરે રૂ. ૬૦ કરોડનો નફો નોંધાયો છે. ખેડૂતોના હિતમાં મહત્વપૂર્ણ નિર્ણય લેતા ચાલુ વર્ષે ૨૦ ટકા ડિવિડન્ડ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. સંસ્થાના રિઝર્વ અને અન્ય ફંડમાં રૂ. ૬૧.૮૮ કરોડનો વધારો થયો છે અને રિઝર્વ ફંડ વધીને રૂ. ૨૧૬ કરોડ થયું છે.

**ખાતર, બિયારણ અને ટેકાના ભાવે ખરીદીમાં મોટી કામગીરી**

ગુજકોમાસોલ દ્વારા ચાલુ વર્ષે કુલ ૧૭.૫૯ લાખ મેટ્રિક ટન ખાતરનું વિતરણ કરવામાં આવ્યું છે. બિયારણ વિભાગ દ્વારા ખેડૂતોને રૂ. ૧૧૪.૭૯ કરોડનું શુદ્ધ અને સર્ટિફાઈડ બિયારણ પૂરું પાડવામાં આવ્યું છે. ટેકાના ભાવે કૃષિ પેદાશોની ખરીદીમાં પણ અત્યાર સુધીની સૌથી મોટી કામગીરી કરવામાં આવી છે. ગુજકોમાસોલ દ્વારા રૂ. ૮,૬૮૦ કરોડથી વધુની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી છે.

**ખેડૂતોના ઉત્પાદનો માટે 'ગુજકો' બ્રાન્ડ**

ખેડૂતોના ઉત્પાદનોને દેશ-વિદેશના બજારો સુધી પહોંચાડવા માટે 'ગુજકો' નામની નવી બ્રાન્ડ લોન્ચ કરવામાં આવી છે. ખેડૂતોના ઉત્પાદનોને વધુ મોટું બજાર મળે તે માટે આ માધ્યમથી માર્કેટિંગની વ્યવસ્થા વિકસાવવામાં આવી રહી છે. 'ગુજકો મોલ' પ્રોજેક્ટ અંતર્ગત અમદાવાદ, વડોદરા, સુરત અને જામનગર સહિત કુલ ૭ મોલ કાર્યરત કરવામાં આવ્યા છે. આગામી સમયમાં અન્ય શહેરોમાં પણ તેનો વિસ્તાર કરવામાં આવશે. લાંબા ગાળે ગુજરાતમાં ૨૫૦ ગુજકો મોલ બનાવવાનું આયોજન હોવાનું દિલીપભાઈ સંઘાણીએ જણાવ્યું હતું.

**આધુનિક ટેકનોલોજી અને કર્મચારીઓના હિતમાં નિર્ણયો**

ખેતીમાં આધુનિક ટેકનોલોજીના ઉપયોગને પ્રોત્સાહન આપવા રાજ્યભરમાં ડ્રોન ટેકનોલોજી અંગે અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. અત્યાર સુધીમાં ૧૫ હજારથી વધુ એકર વિસ્તારમાં ડ્રોન દ્વારા છંટકાવ કરવામાં આવ્યો છે. કર્મચારીઓના હિતમાં પણ મહત્વપૂર્ણ નિર્ણય લેતા ગુજકોમાસોલના કર્મચારીઓની નિવૃત્તિ વયમર્યાદા ૫૮ વર્ષથી વધારીને ૬૦ વર્ષ કરવાનો નિર્ણય બોર્ડ દ્વારા લેવામાં આવ્યો છે. ગુજકોમાસોલની ૬૫મી વાર્ષિક સાધારણ સભામાં રજૂ થયેલા આ આંકડા સંસ્થાની મજબૂત બની રહેલી આર્થિક સ્થિતિ, વિસ્તરતી કામગીરી અને ખેડૂતોને કેન્દ્રમાં રાખીને કરવામાં આવતી સહકારી પ્રવૃત્તિઓની દિશાને ઉજાગર કરે છે.

